SWACHH SURVEKSHAN 2021

# :: પ્રેસનોટ ::

## સુરત મહાનગરપાલિકા આયોજીત ઓનલાઈન ચિત્રકામ સ્પર્ધા

**વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા ઓનલાઈન ચિત્રકામ સ્પર્ધાના પરિણામ બાબત.**

વિશ્વભરમાં નોવેલ કોરોના વાયરસ (COVID-19)ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરતાં ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાયરસ COVID-19ને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકાઓ જાહેર કરવામાં આવેલ છે. સુરત શહેરમાં તબક્કાવાર વધતા કોરોના વાયરસના સંક્રમણને ધ્યાને લેતાં સાવધાની અને સમયસર સારવાર બાબતે જનજાગૃતિ અંગે સુરત મહાનગરપાલિકા દ્વારા સુરતના નગરજનો કોવિડ–૧૯ની પરિસ્થિતિમાં પોતાની અંદર રહેલી કળાઓ ઘર બેઠા બહાર લાવી શકે તે માટે ઓનલાઈન પોર્ટલનો ઉપયોગ કરી કોવિડ–૧૯ અટકાવવા માટે જન જાગૃતિ (Prevent of Covid-19) વિષય ઉપર ઓનલાઈન ચિત્રકામ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. આ સ્પર્ધામાં નીચે મુજબના સ્પર્ધકો વિજેતા નિવડયા છે.

વિષય : કોવિડ–૧૯ અટકાવવા માટે જન જાગૃતિ ( Prevent of Covid-19)

| ધોરણ / વિજેતા<br>ક્રમ | ધો. ૩ થી ૫ | ધો. ૬ થી ૮ | ધો. ૯ થી ૧૨ | ખુલ્લો વિભાગ |
|---|---|---|---|---|
| પ્રથમ | આયેશા ઈશાક પટેલ | ટવીશા મેઘાવાલા | મેહતો અંશુ લક્ષમણ | વિનોદકુમાર બહાદુરસિંહ જાદવ |
| દ્વિતીય | યશ્વી પટેલ | રુદ્ર ભાવિન કંસારા | ઉનાગર વંદના અરવિંદભાઈ | ભૂમિકા કંસારા |
| તૃતીય | સ્વરા કાપડિયા | બારડોલીયા વિવેક ધવલભાઈ | ઉનાગર સાક્ષી અરવિંદભાઈ | દિપ્તી પટેલ |

ઉપરોકત વિજેતાઓને ટ્રોફી અને વિજેતા પ્રમાણપત્ર એનાયત કરી પુરસ્કૃત કરવામાં આવશે. આ સિવાય હાલ સુરત મહાનગરપાલિકા દ્વારા mysurat.in ઉપર ઓનલાઈન નવરાત્રી પર્વ નિમિત્તે કવીઝ કોમ્પીટીશનનું પણ આયોજન કરવામાં આવેલ છે જેમાં ભાગ લેનાર સ્પર્ધકો ઓનલાઈન સર્ટીફીકેટ મેળવી શકાશે. "સ્વચ્છતા સર્વેક્ષણ–૨૦૨૧" અંતર્ગત વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ છે. તે અંગેની વધુ માહિતી સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ અને mysurat.in ઉપરથી મેળવી શકાશે. વધુમાં સુરત મહાનગરપાલિકા "સ્વચ્છતા સર્વેક્ષણ–૨૦૨૧" માં ભાગ લઈ રહી હોય, તે માટે સુરત ને નં.૧ બનાવવા SWACHHATA-MoHUA એપ ડાઉનલોડ કરી સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ ઈવેન્ટ ક્રિએટ કરવામાં આવેલ છે તેમાં VOLUNTEER ઉપર કલીક કરવા તથા તે તમામ ઈવેન્ટને વધુ ને વધુ શેર કરી આપણે આપણા સુરતને સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૨૧માં નં.૧ બનાવવા સહયોગ આપવા સુરત મહાનગરપાલિકા અપીલ કરે છે.

સમાચારયાદી નં.૮૭૬, તા.૨૦/૧૦/૨૦૨૦, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.